SOCET participation at state-level seminar by education minister.



સંદેશ - તા - ૨-૧-૨૦૧૫, શુક્રવાર
પાના નં - 3





### એલ.ડી.માં ટૅક્નિકલ શિક્ષણ અંગે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો

# શિક્ષણ સુધારણા માટે ટૅક્નિકલ કૉલેજો શાળા દત્તક લેઃ ચૂડાસમા

અમદાવાદ, તા. ૧

રાજ્યની શિક્ષણવ્યવસ્થામાં સુધારો લાવવા માટે ટૅક્નિકલ કૉલેજોએ શાળાઓને દત્તક લેવાની રાજ્ય શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ ખાતે ગુરુવારે યોજાયેલા રાજ્ય કક્ષાના સેમિનારમાં અપીલ કરી હતી. વર્ષ ૨૦૨૦ના પડકારો ઝીલી શકે તે માટે ટૅક્નિકલ શિક્ષણ કેવું હોવું જોઈએ, તે વિષય પર યોજાયેલા સેમિનારમાં રાજ્યમાંથી ૩૦૦ અધ્યાપકે ભાગ લીધો હતો. ઈન્ડિયન સોસાયટી ફોર ટૅક્નિકલ એજ્યુકેશન (આઈએસટીઈ)ના ઉપક્રમે યોજાયેલા સેમિનારમાં ચાર વિષયમાં ૩૫ અધ્યાપકે ૧૬ સંશોધન પત્ર રજૂ કર્યા હતા જ્યારે શ્રેષ્ઠ પાંચ અધ્યાપકને ઍવૉર્ડ એનાયત કરાયા હતા.

સાંપ્રત સમયમાં ટૅક્નિકલ શિક્ષણની અસરકારકતા અને તેમાં આવશ્યક સુધારાઓ અંગેના સેમિનારમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું હતું કે સેમિનારો યોજવાથી પરિણામલક્ષી વિકાસ થતો નથી, પરંતુ સર્વાંગી વિકાસ માટે સૌએ સાથે મળીને પ્રયત્ન કરવો પડશે. શિક્ષક અને સરકારે સાથે મળીને કામ કરવું પડશે. શૈક્ષણિક સંસ્થાઓ ઈન્ડસ્ટ્રી સાથે અને ઈન્ડસ્ટ્રીઝે સરકાર સાથે જોડાય તો ટૅક્નિકલ શિક્ષણ પરિણામલક્ષી બની શકે છે. દેશમાં પ્રથમ વાર રાજ્ય સરકારે સ્ટાર્ટ અપ પૉલિસી શરૂ કરી છે ત્યારે આગામી દિવસોમાં ટૅક્નિકલ શિક્ષણ આપતી સંસ્થાઓ પણ તેનો અમલ કરીને વિદ્યાર્થીને આંત્રપ્રિન્યોર બનવા પ્રેરે તેવા પ્રયાસ થવા જોઈએ.

**■ ૩૫ અધ્યાપકે ચાર વિષયમાં ૧૬ સંશોધન પત્ર રજૂ કર્યા, પાંચને એવૉર્ડ અપાયો**

ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણના મુખ્ય સચિવ મુકેશ પુરીએ અધ્યાપકોની ઘટ તથા માળખાકીય સુવિધાઓના અભાવની વાત સ્વિકારી હતી, પરંતુ આ સ્થિતીમાં પણ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવા પર ભાર મૂક્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ. એન. પટેલે કહ્યું હતું કે ઈજનેરી વિદ્યાશાખા પ્રત્યે વિદ્યાર્થીઓનો રસ ઘટી રહ્યો છે, તે આત્મમંથનનો વિષય છે. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્ય જી. પી. વડોદરિયાએ ફૅકલ્ટીની અછત અને અધ્યાપકોને સંશોધન માટે સવલતો મળે તે માટે ઈજનેરી કૉલેજોને ઓટોનોમી આપવા અંગે રજૂઆત કરી હતી. સેમિનારમાં એલ. ડી. એન્જિનિયરિંગના પ્રાધ્યાપકો ડૉ. બી. જે. શાહ, પ્રો. અશ્વિન ઠક્કર, પ્રો. એચ. એન. ઉપાધ્યાય, પ્રો. આશિલ પટેલ, પ્રો. બકુલ પંચાલ, સિલ્વર ઓક કૉલેજના પ્રો. ઉત્કર્ષ પટેલ તથા વિદ્યાનગરની બી એન્ડ બી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅક્નૉલોજીના ડી. કે. પરમાર, ડૉ. એસ. કે. દવે તથા વી. કે. મોદીને એવૉર્ડ અપાયા હતા.